પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ,અમદાવાદ
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.
Email:Spl1-ahd@gujarat.gov.in

## જાહેરનામું

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ.**

**નંબર: વિ.શા/ જાહેરનામું/ એ-સેકશન/ પરમીટ/ ૧૮/૨૦૨૫ તા.૨૮/૦૧/૨૦૨૫**

રાજય ચુંટણી આયોગ, સચિવાલય ગાંધીનગરના કમાંક:ઇએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૧૨૦૨૫-ક તા.૨૧/૦૧/૨૦૨૫ના સુચના પત્ર દ્વારા આદેશો બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે સ્થાનીક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/મધ્ય સત્ર/પેટા ચુંટણીઓ આગામી તા.૧૬/૦૨/૨૦૨૫ ના રોજ યોજાનાર છે. તા.૦૬/૦૧/૨૦૧૦ ના આદેશ કમાંક: (૧) રાચપ/ ચટણ/ સીઓસી/ સ્થા.સ્વ.૧૩૮(૨)૧૨૨૦૦૯-ક તથા (૩) રાજય ચૂંટણી પંચના તા.૧૯/૦૩/૨૦૦૮ ના પત્ર કમાંક: ચટણ/ અચર/૩(૪)/ ૨૨૦૦૮-ક તથા તેની સાથેના ભારતના ચૂંટણી પંચના તા.૦૮/૦૩/૨૦૦૭ ના પત્રથી સુચના મુજબ ખાનગી મિલકતોને ચુંટણી પ્રચારના સાહિત્યથી વિકૃત થતી અટકાવવા જરૂરી છે. જેથી ખાનગી મિલ્કતના માલિક, કબજો ધરાવનારની સ્વૈચ્છિક લેખિત પરવાનગી વગર ઉપયોગમાં લેવા હેઠળ પ્રતિબંધ ફરમાવવાનું મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી થાય તે માટે જરૂરી જણાય છે.

આથી, હું જી. એસ. મલિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ની કલમ -૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરની હુકમત હેઠળ આવતા ઘાટલોડીયા વોર્ડ નં.૭ માં તેમજ જીલ્લા પંચાયત પેટા ચુંટણી ૨૦૨૫ અન્વયે ૧ અસલાલી માટે જેતલપુર ગામના હદ વિસ્તાર માટે નીચે મુજબના પ્રતિબંધાત્મક આદેશ કરવામાં આવે છે.

(૧) કબજો ધરાવનારની લેખિત સ્વૈચ્છિક પરવાનગી મેળવી અલ્પકાલિન અને સરળતાથી ફેરવી શકાય તેવી જાહેરાતની સાધન સામગ્રી જેવી કે ધ્વજ, બેનર્સ વગેરે ખાનગી મકાનો, મિલકતો પર મુકવા માટે જે તે મકાન/મિલકતના માલિકની અગાઉથી સ્વેચ્છાએ આપેલ પરવાનગી મેળવેલી હોવી જોઈએ અને તે પરવાનગી કોઈ દબાણ અથવા ધમકીથી અથવા બળજબરીથી લીધેલ હોવી જોઈએ નહી. આવા બેનર્સ અથવા ધ્વજ બીજાઓ માટે ઉપદ્રવરૂપ ન બનવા જોઈએ. મતલબ કે રાહદારીઓ વાહન-ચાલકો વગેરે અકસ્માતનો ભોગ ન બને તેવી જગ્યાએ જ પ્રદર્શિત કરાવી શકાશે. આ સંબંધે લેખિતમાં મેળવેલી સ્વૈચ્છિક પરવાનગીની ફોટો કોપી આ સાથેના નિયત નમુના (પરિશિષ્ટ-૨) માં ત્રણ દિવસની અંદર સંબંધકર્તા ચૂંટણી અધિકારી/ મદદનીશ ચૂંટણી અધિકારીને રજુ કરશે. આવી બાબતમાં પત્રકમાં આ હેતુ માટે કરેલ અથવા કરવાના થતા ખર્ચ સાથે જેની પાસેથી પરવાનગી મેળવી હોય તે મિલ્કતના માલિકનું નામ અને સરનામું સ્પષ્ટ રીતે દર્શાવવુ. આવા લખાણ/ નિદર્શનમાં કંઈપણ ઉશ્કેરણીજનક અથવા કોમો વચ્ચે ઉશ્કેરણી થાય તેવું કોઈપણ હોય તો તે માન્ય રાખવામાં આવશે નહી અને આવા વાંધાજનક લખાણ/ નિદર્શન સંબંધકર્તા ઉમેદવારના ખર્ચે દુર કરવાની કાર્યવાહીને પાત્ર થશે.

(૨) દિવાલ પર લખાણ કરી શકાશે નહી, પોસ્ટર ચોંટાડી શકાશે નહી અને આના જેવા જ અન્ય કાયમી/ હંગામી નુકશાન જે સરળતાથી કાઢી શકાય તેમ ન હોય તેવું કરી શકાશે નહી.

(3) આ હુકમ તા.૨૮/૦૧/૨૦૨૫ ના કલાક ૧૮/૦૦ થી તા.૧૬/૦૨/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

## શિક્ષા:

આ હુકમનો ભંગ કરનાર વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

## જાહેર વિજ્ઞાપન:

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી અમદાવાદ શહેર પોલીસના તમામ Social media એકાઉન્ટ્સ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/ અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ની કલમ ૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૮/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

(જી.એસ.મલિક)
પોલીસ કમિશ્નર,
અમદાવાદ શહેર.

નકલ સવિનય રવાના:

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, જીલ્લા ચૂંટણી અધિકારી અમદાવાદ શહેર/ગાંધીનગર.
(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.
(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરઝાપુર, અમદાવાદ શહેર.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.
(૧૬) સંયુકત/ અધિક પોલીસ કમિશનરશ્રી, સેકટરટર-૧,૨/ ક્રાઈમ બ્રાંચ/ મુખ્ય મથક/ ટ્રાફીક શાખા.
(૧૭) મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ શહેર.

(૨૦) નોડલ અધિકારીશ્રી અને નાયબ પોલીસ કમિશ્નરશ્રી કંટ્રોલ રૂમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૧) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૨) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)

(૨૩) તમામ પો.ઈન્સશ્રીઓ,અમદાવાદ શહેર.( જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી જાહેરાત કરાવવા સારૂ)

(૨૪) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, એસ.ઓ.જી, અમદાવાદ શહેર.

(૨૫) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૬) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.

(૨૭) પો.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૨૮) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P. Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૯) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ)

(૩૦) જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી અમદાવાદ કલેકટર કચેરી સુભાષબ્રિજ સર્કલ પાસે, સાબરમતી

(૩૧) મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગર.